

» મહારાષ્ટ્રના મુંબઈમાં 'ગુડી પડવા'ના તહેવાર નિમિત્તે પરંપરાગત પોશાક પહેરીને શોભાયાત્રામાં ભાગ લઈ રહેલા લોકો.

### સરકારનો ઓઈલ-ગેસ કંપનીઓ માટે કડક આદેશ

# ઊર્જા ડેટા હવે 'નેશનલ સિક્યુરિટી'

**ખાનગી** અને સરકારી કંપનીઓએ દૈનિક રિપોર્ટ આપવો પડશે

**'આવશ્યક** ચીજવસ્તુ ધારા' હેઠળ લેવાયો નિર્ણય

**સંવેદનશીલતા** કે માલિકી હક જેવા કારણો હેઠળ માહિતી આપવાનો ઇન્કાર કરી શકાશે નહીં

નવી દિલ્હી, તા. 19(PTI): સરકારે ઊર્જા સંબંધિત ડેટાને રાષ્ટ્રીય સુરક્ષાનો વિષય ગણાવીને વર્ગીકૃત કર્યો છે, જે અંતર્ગત ઓઈલ અને ગેસ વેલ્યુ ચેઈન સાથે સંકળાયેલી તમામ સંસ્થાઓ માટે તેમની કામગીરીની વિગતવાર માહિતી આપવી ફરજિયાત બનાવવામાં આવી છે.

ઓઈલ મંત્રાલયના 'પેટ્રોલિયમ અને નેચરલ ગેસ (માહિતી પૂરી પાડવા અંગેનો) આદેશ, 2026' મુજબ રિફાઈનર્સ, LNG આયાતકારો, પાઈપલાઈન ઓપરેટરો, સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુટર્સ અને પેટ્રોકેમિકલ કંપનીઓએ – જાહેર અને ખાનગી બંને ક્ષેત્રોમાં – મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (PPAC)ને નિયમિતપણે (કેટલાક કિસ્સાઓમાં દૈનિક ધોરણે પણ) સચોટ આંકડાકીય અહેવાલ આપવો પડશે. મંત્રાલય દ્વારા 18 માર્ચના રોજ જારી કરાયેલા ગેઝેટ નોટિફિકેશન મુજબ, જાહેર કરવામાં આવનારી વિગતોમાં ઉત્પાદન, આયાત, સ્ટોક લેવલ અને વપરાશની પેટર્નનો સમાવેશ થાય છે, અને આ આદેશ હાલની તમામ ગોપનીયતાની જોગવાઈઓની ઉપરવટ રહેશે.

આ પગલું મધ્ય પૂર્વમાં યુદ્ધને કારણે ગેસ અને LPG પુરવઠામાં આવેલા અવરોધો બાદ ઊભી થયેલી ઊર્જા સુરક્ષાની ચિંતાઓને પગલે લેવામાં આવ્યું છે.

# નિકાસકારો માટે 497 કરોડનું પેકેજ

**સરકારે** લોન્ચ કરી 'RELIEF' યોજના

**ગલ્ફ** દેશો સાથે વેપાર કરતા MSMEને મોટી રાહત

નવી દિલ્હી, તા. 19(PTI): પશ્ચિમ એશિયાના ચાલુ સંઘર્ષને કારણે ઉભી થયેલી અડચણોનો સામનો કરી રહેલા ભારતના નિકાસકારોને મદદ કરવા માટે સરકારે ગુરુવારે 497 કરોડના આઉટલે સાથે 'RELIEF' (રેઝિલિયન્સ એન્ડ લોજિસ્ટિક્સ ઈન્ટરવેન્શન ફોર એક્સપોર્ટ ફેસિલિટેશન) યોજના રજૂ કરી છે.

પત્રકાર પરિષદને સંબોધતા વાણિજ્ય મંત્રાલયના સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે, અમે નિકાસ પ્રોત્સાહન મિશન હેઠળ એક નવી યોજનાની જાહેરાત કરી રહ્યા છીએ, જે ખાસ કરીને સંઘર્ષથી પ્રભાવિત 17-18 ભૌગોલિક વિસ્તારોમાં કાર્યરત નિકાસકારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેથી તેમના પડકારોને હળવા કરી શકાય. તેમણે વધુમાં માહિતી આપી હતી કે આ માટે એક આંતર-મંત્રાલય જૂથ (IMG) ની રચના કરવામાં આવી છે, જેમાં વાણિજ્ય મંત્રાલય, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય, બંદરો અને શિપિંગ, નાણાકીય સેવાઓ વિભાગ, વિદેશ મંત્રાલય, RBI અને CBIC જેવા વિવિધ વિભાગોનો સમાવેશ થાય છે. આ જૂથ માલસામાનની અવરજવરના આધારે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા દરરોજ બેઠક કરે છે. વાણિજ્ય સચિવ રાજેષ અગરવાલે જણાવ્યું હતું કે ખાસ કરીને ગલ્ફ દેશો સાથે વેપાર ધરાવતા નિકાસકારોમાં ચિંતાની લાગણી પ્રવર્તતી હતી તે ધ્યાનમાં રાખીને આ યોજના શરૂ કરવામાં આવી છે. RELIEF યોજના હેઠળના પેકેજમાં, જેની અમલીકરણ એજન્સી ECGC (એક્સપોર્ટ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) છે, તેમાં નિકાસ જવાબદારીઓનું સ્વચાલિત વિસ્તરણ, લોજિસ્ટિક સપોર્ટ અને શિપિંગમાં થતા વિલંબને પહોંચી વળવા માટેના નાણાકીય પગલાંનો સમાવેશ થાય છે. આ યોજના મુખ્યત્વે યુએઈ, સાઉદી અરેબિયા, કુવૈત, કતાર, ઓમાન, બહેરીન, ઈરાક, ઈરાન, ઈઝરાયેલ અને યમન મોકલવામાં આવતા અથવા ત્યાંથી પસાર થતા માલસામાનને આવરી લે છે.

### 'RELIEF' યોજનાના 3 મુખ્ય ઘટકો

સરકારે નિકાસકારોના પડકારો દૂર કરવા માટે આ યોજનાને ત્રણ ભાગમાં વહેંચી છે:

| ઘટક | વિગત | સમયગાળો / લાભ |
|---|---|---|
| નિકાસ જવાબદારી | એડવાન્સ ઓથોરાઈઝેશન' માં પેનલ્ટી વગર મુદત વધારો' | ઓગસ્ટ, 2026 સુધી લંબાવવામાં આવી 31 |
| ECGC કવરેજ | નિકાસ કન્સાઇનમેન્ટ માટે વીમા કવચને પ્રોત્સાહન | માર્ચ થી 15 જૂન સુધી 16 |
| MSME સપોર્ટ | વધારાના નૂર (Freight) અને વીમા ખર્ચની આંશિક ભરપાઈ | ફેબ્રુઆરી થી 15 માર્ચ વચ્ચેના ખર્ચ માટે 14 |

# છત્તીસગઢમાં ધર્માંતરણ વિરોધી બિલ પસાર

**સામૂહિક** ધર્માંતરણ બદલ આજીવન કેદની જોગવાઈ

**બળજબરી**, પ્રલોભન, છેતરપિંડીથી કરવામાં આવતી વટાળ પ્રવૃતિને રોકવાના ઉદ્દેશનો રાજ્ય સરકારનો દાવો

રાયપુર, ૧૯ માર્ચ (PTI): છત્તીસગઢ સરકારે ગુરુવારે રાજ્ય વિધાનસભામાં બળજબરી, પ્રલોભન, છેતરપિંડી અથવા ખોટી રજૂઆત દ્વારા કરવામાં આવતા ધર્મ પરિવર્તનને રોકવાના ઉદ્દેશ્ય સાથે એક બિલ રજૂ કર્યું હતું. જો કે, વિરોધ પક્ષ કોંગ્રેસે આ અંગે વાંધો ઉઠાવ્યો હતો અને સમીક્ષા માટે આ બિલને 'સિલેક્ટ કમિટી'ને સોંપવાની માંગ કરી હતી. અધ્યક્ષે આ વાંધાને ફગાવી દેતા કોંગ્રેસે દિવસની કાર્યવાહીનો બહિષ્કાર કર્યો હતો. જો કે આ ખરડો વિપક્ષના બહિષ્કાર વચ્ચે પાંચ કલાકની ચર્ચા પછી ગૃહમાં પસાર કરી દેવાયો હતો. રાજ્યના નાયબ મુખ્યમંત્રી વિજય શર્મા, જેઓ ગૃહ મંત્રાલયનો હવાલો પણ સંભાળે છે, તેમણે ગૃહમાં 'છત્તીસગઢ ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક, ૨૦૨૬' રજૂ કર્યું હતું. સામૂહિક ધર્માંતરણ બદલ તેમાં આજીવન કેદ સુધીની સજાની જોગવાઈ છે.

તેમાં એવા કિસ્સાઓમાં 20 વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ પણ છે જેમાં સગીરો, મહિલાઓ, માનસિક રીતે અક્ષમ વ્યક્તિઓ અથવા અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અથવા અન્ય પછાત વર્ગો (OBC) ના સભ્યો ભોગ બન્યા હોય. તમામ ગુનાઓ દાખલપાત્ર અને બિન-જામીનપાત્ર રહેશે.

## પશ્ચિમ એશિયા સંકટ: મોદીની વિશ્વના નેતાઓ સાથે વાતચીત

નવી દિલ્હી, તા. 19(PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન, ઓમાનના સુલતાન હૈથમ બિન તારિક અને પોતાના મલેશિયાના સમકક્ષ અનવર ઈબ્રાહિમ સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન તેમણે પશ્ચિમ એશિયાની સ્થિતિ અંગે ચર્ચા કરી હતી અને આ ક્ષેત્રમાં સંઘર્ષ ઘટાડવા તેમજ ત્યારબાદ શાંતિ અને સ્થિરતાની પુનઃસ્થાપના પર ભાર મૂક્યો હતો. ત્રણેય નેતાઓ સાથેની તેમની અલગ-અલગ ટેલિફોનિક વાતચીતમાં, મોદીએ હોર્મુઝની સામુદ્રધુની દ્વારા સુરક્ષિત અને મુક્ત વહાણવટાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. વડાપ્રધાન મોદીએ 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, મારા પ્રિય મિત્ર રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે પશ્ચિમ એશિયાની સ્થિતિ અને તણાવ ઘટાડવાની તાતી જરૂરિયાત, તેમજ સંવાદ અને મુત્સદ્દીગીરી તરફ પાછા વળવા અંગે વાત કરી.

# કરાચીમાં ભારે વરસાદ અને વાવાઝોડાએ 19 લોકોનો ભોગ લીધો

**એક** ટેલિફોન એક્સચેન્જની છત નીચે ચા પી રહેલા લોકો પર દિવાલ પડતાં 12 લોકોનાં મોત થયાં

કરાચી, તા. 19 (PTI): પાકિસ્તાનના કરાચીમાં ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે વરસાદ સંબંધિત વિવિધ ઘટનાઓમાં ઓછામાં ઓછા 19 લોકોનાં મોત થયાં છે.

બુધવારે રાત્રે ભારે વરસાદ અને ફૂંકાયેલા તેજ પવનને કારણે છત અને દીવાલો ધરાશાયી થવાથી, વીજ કરંટ લાગવાથી તેમ જ વૃક્ષો અને સાઈનબોર્ડ પડવાને કારણે આ જાનહાનિ થઈ હતી. પાકિસ્તાન હવામાન વિભાગે ગુરુવાર માટે પણ વધુ વરસાદી હવામાન અને તેજ પવનની આગાહી કરી છે.

એસએસપી કોરંગી સંઘર મલિકે જણાવ્યું હતું કે, સઈદાબાદ વિસ્તારના મોચકો ગોઠમાં એક ટેલિફોન એક્સચેન્જની છત અને દીવાલ ધરાશાયી થતાં 12 લોકોનાં મોત થયાં હતાં.


પેજ3

## 'ડોરેમોન'ના ડિરેક્ટર ત્સુતોમુનું નિધન



નવી દિલ્હી, તા. 19: 'ડોરેમોન'ના ડિરેક્ટર શિબાયામા ત્સુતોમુનું નિધન થયું છે. તેમણે લગભગ 20 વર્ષ સુધી આ શોનું સંચાલન કર્યું છે અને આ દરમિયાન 'ડોરેમોન' ફ્રેન્ચાઇઝી સાથે જોડાયેલી ઘણી શાનદાર ફિલ્મો આપી છે. ત્સુતોમુનું નિધન 6 માર્ચ 2026ના રોજ ફેફસાંના કેન્સરને કારણે થયું હતું, જેની જાણકારી તેમના દ્વારા સહ-સ્થાપિત સ્ટુડિયો અજિયા-ડો એનિમેશન વર્ક્સ દ્વારા 17 માર્ચે આપવામાં આવી હતી. પરિવારની ઇચ્છા મુજબ તેમના અંતિમ સંસ્કાર પહેલાથી જ ખાનગી રીતે કરવામાં આવ્યા છે. શિબાયામા ત્સુતોમુને જાપાનમાં 'નેશનલ એનિમેશનના પિતા' કહેવામાં આવતા હતા. ત્સુતોમુને 'ડોરેમોન'ને લગભગ 20 વર્ષ સુધી સંભાળ્યું અને તેને દરેક પેઢીના હૃદય સુધી પહોંચાડ્યું. 1979માં તેમણે ડોરેમોનની ટીવી સીરીઝ ડિરેક્ટ કરી હતી અને ત્યાર બાદ આ ફ્રેન્ચાઇઝીની 22 ફિલ્મોનું દિગ્દર્શન પણ કર્યું હતું.

## ઓસ્કાર પાર્ટીમાં કિમ કાર્દશિયનનું બેલેન્સ બગડ્યું, 8 ઈંચની હીલ્સમાં પડતાં-પડતાં બચી



લોસ એન્જલસ, તા. 19: વોર્ડરોબ માલફંક્શનની વાતો તો તમે ઘણી સાંભળી હશે, પરંતુ આ વખતે કિમ કાર્દશિયન સાથે કંઈક એવું થયું જેના પર વિશ્વાસ કરવો થોડો મુશ્કેલ છે. રિયાલિટી સ્ટારે તાજેતરમાં વેનિટી ફેર ઓસ્કાર 2026ની આફ્ટર-પાર્ટીમાં સૌનું ધ્યાન ખેંચ્યું હતું, જે માત્ર તેના શાનદાર લુકને કારણે જ નહીં, પરંતુ પડતાં-પડતાં માંડ બચી જવાની ઘટનાને કારણે પણ હતું. કિમ જ્યારે સિતારાઓથી ભરેલી પાર્ટીમાં પહોંચી ત્યારે સૌની નજર તેની આઠ ઈંચ ઊંચી પ્લેટફોર્મ હીલ્સ પર ટકી ગઈ હતી. અભિનેત્રીએ ગોલ્ડન કલરનો ડ્રેસ પહેર્યો હતો જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી હતી. જોકે આ દરમિયાન ચાલતી વખતે તેનું બેલેન્સ અચાનક બગડ્યું અને એક પગ ઝાડીમાં જતો રહ્યો. આ પછી ઘણા લોકોએ અભિનેત્રીને મદદ કરી અને તેણે ખુદને પણ સંભાળી લીધી હતી.

## 'ધુરંધર'માં મોદીની એન્ટ્રી: થિયેટરોમાં ગુંજી ઉઠ્યો તાળીઓનો ગડગડાટ



નવી દિલ્હી, તા. 19: 'ધુરંધર: ધ રિવન્જ' ફિલ્મમાં થોડીક અણધારી ઓન-સ્ક્રીન ક્ષણો જોઈને પ્રેક્ષકો સુખદ આશ્ચર્ય અનુભવી રહ્યા છે. આ દૃશ્યો વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે સંબંધિત છે, જેઓ આદિત્ય ધરની આ ફિલ્મમાં બે દૃશ્યોમાં જોવા મળે છે. ફિલ્મની વાર્તામાં વડા પ્રધાનનો સમાવેશ એ ફિલ્મની સૌથી ચર્ચિત બાબતોમાંની એક બની ગઈ છે. આ સિક્વલમાં આધુનિક ભારતીય ઇતિહાસની બે ક્ષણોના પીએમ મોદીનાં ભાષણોના અંશો ટેલિવિઝન ફોર્મેટમાં બતાવવામાં આવ્યા છે. જેમાં પ્રથમ ૨૦૧૪માં વડા પ્રધાન તરીકેના તેમના શપથ ગ્રહણ સમારોહની છે અને બીજી ૨૦૧૬ના તેમના નોટબંધીના સંબોધનની છે. ચારેબાજુથી મળી રહેલા અહેવાલો સૂચવે છે કે, જ્યારે પણ પીએમ મોદી સ્ક્રીન પર દેખાય છે ત્યારે થિયેટરોમાં પ્રતિક્રિયાઓ અત્યંત જોરદાર હોય છે. સોશિયલ મીડિયા પર પણ ક્લિપ્સ સામે આવી છે.

## મહિલા આયોગની લાલ આંખ: બાદશાહ, સંજય દત્ત અને નોરા ફતેહીને સમન્સ



નવી દિલ્હી, તા. 19: પહેલા બાદશાહના 'ટટીરી' અને ત્યાર બાદ 'સરકે સુનર' અંગે ઘણો વિવાદ થયો હતો. હવે રાષ્ટ્રીય મહિલા આયોગ (એનસીડબ્લ્યુ)એ 'ટટીરી' અને 'સરકે સુનર' ગીતોના નિર્માતાઓને સમન્સ જારી કર્યા છે. મીડિયા રિપોર્ટ્સમાં આ ગીતોમાં અશ્લીલતા અને અભદ્ર સામગ્રી હોવાનો આરોપ લગાવ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. ગુરુવારે એનસીડબ્લ્યુના સત્તાવાર એક્સ હેલ્ડલ દ્વારા માહિતી આપવામાં આવી હતી કે, પ્રથમ દૃષ્ટિએ આ સામગ્રી વાંધાજનક લાગે છે અને ભારતીય દંડ સંહિતા (આઈપીસી)ની જોગવાઈઓનું ઉલ્લંઘન થતું હોવાનું દેખાય છે. 'ટટીરી' ગીત કેસમાં ગાયક અને ગીતકાર બાદશાહ, દિગ્દર્શક માહી સંધુ અને નિર્માતા હિતેનને સમન્સ પાઠવીને 25 માર્ચ 2026ના રોજ હાજર થવા કહેવાયું છે. તેવી જ રીતે 'સરકે સુનર' ગીત માટે અભિનેત્રી નોરા ફતેહી, અભિનેતા સંજય દત્ત, નિર્માતા વેંકટ કે. નારાયણ અને દિગ્દર્શક કિરણ કુમારને 24 માર્ચ 2026ના રોજ હાજર થવા આદેશ અપાયો છે.

# અનિલ અંબાણીની સીબીઆઈ દ્વારા 8 કલાક પૂછપરછ

**રૂ.2,929** કરોડનો ફ્રોડ કેસ, આજે ફરીથી બોલાવાયા છે

નવી દિલ્હી, તા. ૧૯(પીટીઆઈ): સીબીઆઈ (CBI)એ ગુરુવારે ઉદ્યોગપતિ અનિલ અંબાણીની રિલાયન્સ કોમ્યુનિકેશન્સ લિમિટેડ અને તેમની વિરુદ્ધ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ની ફરિયાદ પર નોંધાયેલા ૨,૯૨૯ કરોડના છેતરપિંડીના કેસના સંબંધમાં લગભગ આઠ કલાક સુધી પૂછપરછ કરી હતી, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

એક અલગ કેસમાં, સીબીઆઈએ ઓથમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડના હોલ-ટાઈમ ડિરેક્ટર અમિત ડાંગીની પૂછપરછ કરી હતી. આ કંપનીએ રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ લિમિટેડ અને રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડની અસ્કયામતો હસ્તગત કરી છે, જે હાલ તપાસ હેઠળ છે, તેમ એજન્સીના પ્રવક્તાએ જણાવ્યું હતું. ડાંગીની આશરે સાત કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. અનિલ ડી. અંબાણી, જેઓ સીબીઆઈના અનેક કેસોમાં તપાસનો સામનો કરી રહ્યા છે, તેમને શુક્રવારે ફરીથી પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. અંબાણી સવારે ૧૦.૧૫ વાગ્યે એજન્સીના મુખ્યાલય પહોંચ્યા હતા અને ઔપચારિકતાઓ પૂર્ણ થયા બાદ તેમને તપાસ ટીમ પાસે લઈ જવામાં આવ્યા હતા. તેઓ સાંજે ૬.૧૫ વાગ્યે એજન્સીના મુખ્યાલયથી રવાના થયા હતા.

# ફિનલેન્ડ સતત 9મી વખત વિશ્વનો સૌથી સુખી દેશ

**ભારતના** રેન્કિંગમાં આંશિક સુધારો, પણ પાકિસ્તાન હજુ પણ આગળ; યુદ્ધ છતાં ઈઝરાયેલ ટોપ 10માં

ન્યૂયોર્ક, તા. 19

યુનાઈટેડ નેશન્સે બુધવારે વર્લ્ડ હેપીનેસ રિપોર્ટ 2026 જાહેર કર્યો છે. જેમાં સતત 9મી વખત ફિનલેન્ડને દુનિયાનો સૌથી સુખી દેશ જણાવવામાં આવ્યો છે. 147 દેશોની યાદીમાં પાકિસ્તાન 104મા નંબરે છે. જ્યારે ભારત 116મા સ્થાને છે. 2025માં ભારતનું રેન્કિંગ 118મું હતું. બીજી તરફ અઢી વર્ષથી યુદ્ધમાં ફસાયેલું ઈઝરાયેલ દુનિયાનો 8મો સૌથી સુખી દેશ ગણાવવામાં આવ્યો છે.

### વર્લ્ડ હેપીનેસ રિપોર્ટના ટોપ 10 દેશ

» ફિનલેન્ડ
» આઈસલેન્ડ
» ડેનમાર્ક
» કોસ્ટા રિકા
» સ્વીડન
» નોર્વે
» નેધરલેન્ડ
» ઈઝરાયેલ
» લક્ઝમબર્ગ
» સ્વિટ્ઝરલેન્ડ

યાદીમાં સૌથી નીચે સંઘર્ષવાળા દેશો છે. અફઘાનિસ્તાન ફરીથી સૌથી ઓછો સુખી દેશ રહ્યો, તેની ઉપર સિએરા લિયોન અને માલાવી છે. આ વખતે પણ કોઈ અંગ્રેજી બોલતો દેશ ટોપ 10માં નથી. અમેરિકા 23મા, કેનેડા 25મા અને બ્રિટન 29મા સ્થાને છે.

ફિનલેન્ડ જેવા દેશોની ખુશીનું કારણ સારી આર્થિક સ્થિતિ, સંસાધનોની સમાન વહેંચણી, મજબૂત વેલ્ફેર સિસ્ટમ અને બહેતર જીવનધોરણ છે. રિપોર્ટ મુજબ, સોશિયલ મીડિયાના વધુ પડતા ઉપયોગથી ઘણા દેશોમાં યુવાનોની ખુશી અને માનસિક સ્થિતિ પર ખરાબ અસર પડી રહી છે.

# ઈરાન યુદ્ધ માટે પેન્ટાગનની $200 અબજની માગ

**ઈરાનની** કુલ GDP ના 50% થી પણ વધુ

**અમેરિકાનો** યુદ્ધ ખર્ચ યુક્રેન કરતા પણ વધ્યો; ઈરાને 'ઈઝરાયેલ ફર્સ્ટ ટેક્સ' કહીને મજાક ઉડાવી

અમેરિકી સંરક્ષણ વિભાગ (Pentagon)એ આ યુદ્ધના ખર્ચને પહોંચી વળવા વ્હાઈટ હાઉસ પાસે વધારાના $200 અબજ (આશરે 16.6 લાખ કરોડ)ની માંગ કરી છે. આ રકમ ગયા વર્ષે ટેક્સ કટ બિલમાં મળેલી વધારાની રકમ ઉપરાંતની છે. નોંધનીય છે કે આ રકમ ઈરાનની કુલ જીડીપી (GDP)ના 50% કરતા પણ વધુ છે. ગુરુવારે પત્રકાર પરિષદમાં સંરક્ષણ સચિવ પીટ હેગસેથે આ આંકડાની સીધી પુષ્ટિ કરી નહોતી, પરંતુ તેમણે સૂચક નિવેદન આપતા કહ્યું હતું કે, "બદમાશોને મારવા માટે પૈસાની જરૂર પડે છે." પેન્ટાગને વ્હાઈટ હાઉસને વિનંતી મોકલી છે કે તેઓ આ રકમની મંજૂરી માટે અમેરિકી કોંગ્રેસનો સંપર્ક કરે. હેગસેથે ઉમેર્યું કે તેઓ યોગ્ય ભંડોળ સુનિશ્ચિત કરવા માટે કોંગ્રેસના સંપર્કમાં છે.

### ઈરાની નૌકાદળનો સફાયો: 'હવે એક પણ સબમરીન બચી નથી' - પેન્ટાગન

અમેરિકી સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે પ્રેસ બ્રીફિંગમાં ઈરાનની સૈન્ય તાકાત અંગે મોટો દાવો કર્યો છે: હેગસેથે જણાવ્યું કે ઈરાનનું સરફેસ ફ્લીટ (સપાટી પરના જહાજો) હવે કોઈ કામના રહ્યા નથી. ઈરાન પાસે જે ૧૧ મિજેટ સબમરીન હતી, તે હવે સંપૂર્ણપણે નષ્ટ થઈ ચૂકી છે.

## સોનામાં 7,000 અને ચાંદીમાં 17,800નો ઘટાડો

નવી દિલ્હી, તા. 19 (PTI) વૈશ્વિક કોમોડિટી બજારોમાં ભારે વેચવાલીને પગલે ગુરુવારે રાષ્ટ્રીય રાજધાનીમાં ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. 17,800 ઘટીને રૂ. 2.38 લાખ થયા હતા, જ્યારે સોનું 10 ગ્રામદીઠ રૂ. 7,000 ઘટીને રૂ. 1.53 લાખ પર પહોંચ્યું હતું. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, સફેદ ધાતુ (ચાંદી) બુધવારના રૂ. 2,56,500 પ્રતિ કિલોના બંધ સ્તરથી રૂ. 17,800 અથવા લગભગ 7 ટકા ઘટીને રૂ. 2,38,700 પ્રતિ કિલો (તમામ વેરા સહિત) પર આવી ગઈ છે. ચાંદી હવે 29 જાન્યુઆરીએ નોંધાયેલી તેની રૂ. 4,04,500 પ્રતિ કિલોની સર્વોચ્ચ સપાટીથી રૂ. 1,65,800 અથવા 41 ટકા જેટલી તીવ્રપણે ઘટી છે. 99.9 ટકા શુદ્ધતા ધરાવતું સોનું પણ અગાઉના રૂ. 1,60,300 પ્રતિ 10 ગ્રામના બંધ ભાવથી રૂ. 7,000 અથવા 4.37 ટકા ઘટીને રૂ. 1,53,300 પ્રતિ 10 ગ્રામ (તમામ વેરા સહિત) પર આવી ગયું છે.